# SAMVIDHAAN Career Academy

- Dr.Vikalp R. Kotwal

**www.vikalpkotwal.org**

**અહીં GPSC 2019ના બંને પ્રશ્નપત્રોમાં પૂછાયેલ 73 પ્રશ્નોનું સોલ્યુશન આપેલ છે. આ સોલ્યુશન સંવિધાન પબ્લિકેશન્સના પુસ્તકો તેમજ સંવિધાન કરિયર એકેડેમીની ક્લાસરૂમ ચર્ચાઓ આધારિત છે. ખરાઈ હેતુ જવાબો સાથે આપેલ સંદર્ભ જોશો.**

049. બંધારણમાં નીચેના પૈકી કયા સુધારાથી પ્રથમ વખત રાષ્ટ્રપતિએ મંત્રીમંડળની સલાહ મુજબ કાર્ય કરવું આવશ્યક બનાવ્યું હતું ?

(A) 41 મો સુધારો (B) 44 મો સુધારો (C) 54 મો સુધારો (D) ઉપરમાંથી કોઈ નહીં

**Answer – D**

**Reference – It was 42nd amendment. (Page no. 119) (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

072. Government of India Act, 1858 વિશે નીચે પૈકી કયું(યાં) વિધાન(નો) સાચું / સાચાં છે?

1. ઈસ્ટ ઈંડિયા કંપની પાસેથી વહીવટીતંત્ર બ્રિટીશ તાજ (British Crown)ને સોંપાયું,
2. બ્રિટીશ સરકારની જોડાણ નીતિ (Policy of Annexation)નો અંત આવ્યો
3. ગવર્નર જનરલ ભારતના વાઈસરોય બન્યા
4. તેણે મહાલવારી પ્રથાનો અંત આણ્યો

(A) 1 અને 2 માત્ર (B) 2 અને 4 માત્ર (C) 1, 2 અને 3 માત્ર (D) 1, 2, 3 અને 4

**Answer – C**

**Reference – Page no. 17 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

101. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. સામાન્ય રીતે, રાજ્યના રાજ્યપાલ બહુમતી મેળવનાર પક્ષના નેતાને રાજ્ય વિધાનસભામાં મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
2. જ્યારે વિધાનસભામાં કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળે ત્યારે રાજ્યપાલ પસંદગીમાં તેમની વ્યક્તિગત વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને મુખ્યમંત્રીની નિમણૂક કરે છે.
3. રાજ્યના વિધાસભાના સભ્ય માત્ર મુખ્યપ્રધાન બનવા માટે લાયક છે.

(A) માત્ર 2 અને 3 (B) માત્ર 1 અને 3
(C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

**Answer – C**

**Reference – Page no. 174 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

102. પછાતવર્ગો માટેનું રાષ્ટ્રીય આયોગ એ સર્વોચ્ચ ન્યાયાલયના નીચેના પૈકી કયા સીમાચિન્હ ચુકાદાનું પરિણામ છે ?

(A) શંકરીપ્રસાદ વિ. યુનિયન ઓફ ઈન્ડીયા, 1951
(B) મીનરવા મીલ્સ લિમિટેડ વિ. યુનિયન ઓફ ઈન્ડીયા એન્ડ અધર્સ, 1980
(C) ઈન્દ્રા સોહની એન્ડ અધર્સ વિ. યુનિયન ઓફ ઈન્ડીયા, 1992
(D) ઉપરના પૈકી કોઈ નહીં

**Answer – C**

**Reference – Page no. 328 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

103. નીચેનામાંથી કયું વિધાન / વિધાનો જાહેર હિતની અરજીને લગતાં છે ?

(A) જે વ્યક્તિ અરજી દાખલ કરી રહ્યો છે તે મુકદમામાં અસરગ્રસ્ત વ્યક્તિ / પિડિત હોવા આવશ્યક છે.
(B) અરજી જો અદાલત દ્વારા સ્વીકારાય તો જ જો તેમાં અસરગ્રસ્ત વ્યક્તિ / પિડિતનું હિત હોય.
(C) (A) તથા (B) બંને
(D) (A) અથવા (B) બંનેમાંથી કોઈ નહીં

**Answer – D**

**Reference – Page no. 335 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

105. નગરપાલિકાઓ દ્વારા ખાતાની જાળવણી અને આવા ખાતાઓના અન્વેષણ કરવા બાબતે નીચેના પૈકી કોણ જોગવાઈ કરી શકે છે ?

(A) રાજ્યના રાજ્યપાલ (B) સીએજી
(C) રાજ્યની વિધાનસભા (D) ભારતના રાષ્ટ્રપતિ

**Answer – C**

**Reference – Page no. 235 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

107. નીચેના પૈકી કયાં વિધાનો ભારતમાં ટ્રિબ્યૂનલ્સ બાબતે સાચાં છે ?

1. ટ્રિબ્યૂનલ્સ એ વહીવટી સંસ્થાઓ છે જેની સ્થાપના અર્ધ-ન્યાયિક ફરજો બજાવવા માટે થયેલ છે.
2. પ્રાકૃતિક ન્યાયના સિધ્ધાંત પર ટ્રિબ્યૂનલ કાર્ય કરે છે.
3. 44 મા બંધારણીય સુધારા અધિનિયમ, 1976 દ્વારા બંધારણમાં ટ્રિબ્યૂનલ્સ ઉમેરવામાં આવ્યા હતા.
4. ભારતમાં ટ્રિબ્યૂનલ્સની રચના સ્વર્ણસીંગ સમિતિની ભલામણ પર કરવામાં આવી હતી.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1, 2 અને 3 (C) માત્ર 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

**Answer – A**

**Reference – Page no. 247 and class discussions (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

109. નીચેની ઘટનાઓને કાલક્રમિક ક્રમમાં ગોઠવો.

1. ક્રિપ્સ મિશન 2. માઉન્ટબેટન યોજના 3. હિંદ છોડો ચળવળ 4. હોમ રૂલ લીગ

(A) 1, 2, 4, 3 (B) 3, 4, 1, 2 (C) 1, 2, 3, 4 (D) 4, 1, 3, 2

**Answer – D**

**Reference – discussions on Constituent assembly (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

110. જ્યારે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશનો હોદ્દો ખાલી હોય ત્યારે તેમની ફરજો .......... દ્વારા બજાવવામાં આવશે.

(A) વરિષ્ઠતમ ઉપલબ્ધ ન્યાયાધીશ

(B) કોર્ટના બીજા ન્યાયાધીશોમાંથી રાષ્ટ્રપતિ નીમે તે

(C) રાજ્યના રાજ્યપાલ સાથે પરામર્શ કર્યા બાદ કોર્ટના બીજા ન્યાયાધીશોમાંથી રાષ્ટ્રપતિ નીમે તે

(D) મંત્રીમંડળના પરામર્શ બાદ વરિષ્ઠતમ ઉપલબ્ધ ન્યાયાધીશ

**Answer – B**

**Reference – Page no. 216 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

**111.** નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. સંસદ અને રાજ્ય વિધાનસભાઓ તેમના સંબંધિત અધિકારક્ષેત્રમાં કાયદા બનાવે છે.
2. સંસદ અને રાજ્ય વિધાનસભાની કાયદાકીય સત્તા અબાધિત નથી.
3. સંસદ ભારતીય બંધારણની મૂળભૂત રચના (Basic structure) ને રદ કરી શકશે નહીં અથવા બદલી શકાશે નહીં.

(A) માત્ર 1 અને 3 (B) 1, 2 અને 3 (C) માત્ર 2 (D) માત્ર 1

**Answer – B**

**Reference – Chapters on Parliament, State legislature and Basic structure (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

**112.** સંસદના સભ્યોને ઉપલબ્ધ વિશેષાધિકારો અંગે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. આ વિશેષાધિકારો સંસદના સભ્યો માટે સામૂહિક અને વ્યક્તિગત રીતે બે પ્રકારના ઉપલબ્ધ છે.
2. કોઈપણ અદાલતને ગૃહ અથવા તેની કોઈપણ સમિતિની કાર્યવાહીની તપાસ કરવાનો અધિકાર નથી.
3. સંસદ તેના સભ્યો અથવા બહારના લોકોને તેના વિશેષાધિકારોના ભંગ બદલ સજા કરી શકે નહીં.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 2 (D) 1, 2 અને 3

**Answer – B**

**Reference – Pages 158, 159 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

**114.** નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. મહિલાઓના હિત અને અધિકારોના રક્ષણ અને પ્રોત્સાહન માટે 1992 માં રાષ્ટ્રીય મહિલા આયોગની રચના કરવામાં આવી હતી.
2. 1990 માં સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદા હેઠળ તેની સ્થાપના કરવામાં આવી હતી.
3. ભારત સરકારનું મહિલા અને બાળ વિકાસ મંત્રાલય આયોગ માટે નોડલ મંત્રાલય છે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) 1, 2 અને 3 (D) માત્ર 1 અને 2

**Answer – C**

**Reference – Page no. 379 (પુસ્તક-ભારતનું બંધારણ)**

115. ભારતીય બંધારણના વિકાસ અંગે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. બંધારણ સભાએ 9 ડિસેમ્બર, 1946 ના રોજ તેની પ્રથમ બેઠક યોજી હતી.
2. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ બંધારણ સભાના કાયમી અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા.
3. સી. રાજગોપાલાચારીએ 11 જાન્યુઆરી, 1947 ના રોજ 'ઉદ્દેશ ઠરાવ' રજૂ કર્યો હતો.
4. ઉદ્દેશ ઠરાવમાં મૂળભૂત અને બંધારણીય માળખાની ફિલસૂફી રજૂ કરવામાં આવેલ.

(A) માત્ર 1, 2 અને 4 (B) માત્ર 1, 2 અને 3 (C) માત્ર 2 અને 3 (D) માત્ર 3 અને 4

**Answer – A**

**Reference – Page no. 23 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

116. રાષ્ટ્રપતિની ધારાકીય સત્તાઓ સંબંધમાં નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. રાષ્ટ્રપતિને સંસદ ચાલુ ન હોય ત્યારે વટહુકમો પ્રસિધ્ધ કરવાના અધિકાર હોય છે અને તેઓને જરૂરી જણાય તેવા સંજોગોમાં આવો વટહુકમ પ્રસિધ્ધ કરી શકે છે.
2. રાષ્ટ્રપતિ દ્વારા પ્રસિધ્ધ થયેલા વટહુકમનો સંસદના અધિનિયમના જેટલો જ પ્રભાવ અને અસર રહેશે.
3. પરંતુ આવો દરેક વટહુકમ સંસદના બંને ગૃહો સમક્ષ મૂકવો જોઈશે અને સંસદ ફરીથી મળે ત્યારથી ત્રણ અઠવાડિયા પૂરા થયે તે અમલમાં રહેશે નહીં.
4. એકવાર જાહેર કર્યા પછી રાષ્ટ્રપતિ દ્વારા કોઈપણ સમયે વટહુકમ પાછો ખેંચી શકાતો નથી.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 1 અને 3 (D) 1, 2, 3 અને 4

**Answer – B**

**Reference – Page no. 116 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

D

117. ભારતના બંધારણમાં ઉલ્લેખિત મૂળભૂત અધિકારો અંગે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. રાજ્ય કોઈપણ વ્યક્તિને કાયદા સમક્ષ સમાનતા અથવા ભારતના ક્ષેત્રમાં કાયદાઓની સમાન સુરક્ષાને નકારી શકશે નહીં.
2. મૂળભૂત અધિકારોમાં સમાવિષ્ટ બંધારણનો અનુચ્છેદ 29 એ ભાર મૂકે છે કે ભારતના બધા નાગરિકોને વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર હશે.
3. અંતઃકરણની અને મુક્ત રીતે ધર્મની માન્યતા, પાલન અને પ્રચારને મૂળભૂત અધિકારોમાં સમાવવામાં આવેલ છે.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3 (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

**Answer – B**

**Reference – Chapter on Fundamental Rights (Articles 14, 19 and 25) (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

119. ભારતીય બંધારણના અનુચ્છેદ 35A બાબતે નીચેના પૈકી કયું / કયાં સાચું / સાચાં છે ?
1. રાષ્ટ્રપતિના આદેશ દ્વારા બંધારણમાં તેને ઉમેરવામાં આવ્યો.
2. આ અનુચ્છેદને અનુચ્છેદ 370 સાથે દાખલ કરવામાં આવ્યો હતો.
3. તે રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો હેઠળની એક વિશેષ જોગવાઈ હતી.
4. તે બંધારણીય ઉપાયના અધિકાર લગત છે.

(A) માત્ર 1 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

**Answer – A**

**Reference – Discussions on special status of Jammu & Kashmir (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

120. ગવર્નમેન્ટ ઓફ ઈન્ડીયા વિ. એલ.આઈ.સી. ઓફ ઈન્ડીયા, 1995 કેસમાં સર્વોચ્ચ ન્યાયાલયે ઠરાવેલ છે કે -
(A) આમુખ એ ભારતના બંધારણનો એક અભિન્ન ભાગ છે.
(B) આમુખ એ ભારતના બંધારણનો એક અભિન્ન ભાગ નથી.
(C) આમુખમાં સુધારો કરી શકાતો નથી.
(D) "અહિંસા" શબ્દનો આમુખમાં સમાવેશ થવો જોઈએ.

**Answer – A**

**Reference – Page no. 37 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

133. નીચેના પૈકી કઈ પંચ / સમિતિએ ભલામણ કરી હતી કે રાષ્ટ્રપતિના ધોરણે રાજ્યપાલન [illegible] ...નસભા દ્વારા મહાઅભિયોગ કરવાની જોગવાઈ હોવી જોઈએ ?
(A) દવે સમિતિ (B) જી. વી. રામક્રિશ્ના સમિતિ
(C) એમ. એમ. પુન્ચી પંચ (D) કે. સન્થનામ સમિતિ

**Answer – C**

**Reference – Page no. 166 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

134. નીચેના પૈકી કયું સમવર્તી યાદીમાં નથી ?
(A) ફોજદારી કાયદો (B) લગ્ન (C) જંગલ (D) ટોલ્સ (ઉપયોગ વેરા)

**Answer – D**

**Reference – Current affairs, Uniform Civil Code and Centre-State relations discussions (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

135. નીચેના પૈકી કઈ ભારતની સંસદની નાણાકીય સ્થાયી સમિતિ નથી ?

(A) જાહેર હિસાબ સમિતિ
(B) વાણિજ્ય સમિતિ
(C) અંદાજ સમિતિ
(D) જાહેર ઉપક્રમો સમિતિ

**Answer – B**

**Reference – Pages 153, 154, 155 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

138. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. ભારતના બંધારણના અનુચ્છેદ 31 ને 42 મા બંધારણીય સુધારા દ્વારા રદ કરવામાં આવ્યો.
2. ભારતના બંધારણમાં મિલ્કતના અધિકારને મૂળભૂતરીતે અનુચ્છેદ 19(i)(f) અને 31 હેઠળ મૂળભૂત અધિકાર તરીકે બાંહેધરી આપવામાં આવી હતી.
3. અનુચ્છેદ 300-A મિલકતના અધિકારનો ઉલ્લેખ કરે છે.
4. 25 મા બંધારણીય સુધારાથી ભારતના બંધારણમાં નવમી અનુસૂચિ દાખલ થયેલ છે.

(A) માત્ર 1 અને 4
(B) માત્ર 3 અને 4
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 1, 2 અને 3

**Answer – C**

**Reference – Chapters on Fundamental rights, Judicial review (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

139. નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ભારતના બંધારણના અનુચ્છેદ-13 અનુસાર "કાયદા"માં ભારતના રાજ્યક્ષેત્રમાં કાયદાનો પ્રભાવ ધરાવતા વટહુકમ, હુકમ, ઉપ-નિયમ, નિયમ, વિનિયમ, જાહેરનામું, રૂઢિ અથવા પ્રધાનોનો સમાવેશ થાય છે.

(B) બંધારણ (24 મો સુધારો) અધિનિયમ, 1971 એ બંધારણીય સુધારા કાયદાને ભારતના બંધારણના અનુચ્છેદ 13 હેઠળ "કાયદા"ના ક્ષેત્રાધિકારમાંથી બાકાત રાખેલ છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં

**Answer – C**

**Reference – 68, 69 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

140. કેન્દ્ર રાજ્ય સંબંધ અંગેની રાજમન્નાર સમિતિની નીચેના પૈકી કઈ ભલામણો તત્કાલીન કેન્દ્ર સરકારે સ્વીકારી છે ?

(A) સંઘ યાદી અને સમવર્તી યાદીમાંથી કેટલીક જોગવાઈઓનું રાજ્ય યાદીમાં સ્થાનાંતરણ

(B) અનુચ્છેદ 356, 357 અને 365 રદ કરવા

(C) આયોજનપંચને બદલી વૈધાનિક સંસ્થા મૂકવી

(D) ઉપરના પૈકી કોઈ નહીં

**Answer – D**

---

152. ભારતના બંધારણની પાંચમી અનુસૂચિ હેઠળ કોઈપણ વિસ્તારને "અનુસૂચિત વિસ્તાર" તરીકે જાહેર કરવાના માપદંડ શું છે?

1. આદિવાસી વસ્તીના પ્રભાવની માત્રા
2. વિસ્તારનું એકજથ્થે હોવું અને તેનું વાજબી કદ હોવું
3. એક વહીવટી એકમ જેમ કે જિલ્લો, બ્લોક અથવા તાલુકા બની શકે
4. પડોશી વિસ્તારની સરખામણીમાં વિસ્તારનું આર્થિક પછાતપણું

(A) માત્ર 1 અને 4 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

**Answer – A**

**Note – These criteria have not been specified in the Constitution.**

---

153. ભારતીય બંધારણના ઘડવા બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. કેટલાક રજવાડાઓનું બંધારણ સભામાં પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું ન હતું.
2. બંધારણ સભાની ચૂંટણીઓ સીધી હતી, પરંતુ મર્યાદિત મતાધિકાર સાથે.
3. બંધારણ સભા પણ કામચલાઉ સંસદ તરીકે કામ કરતી હતી.
4. કેટલીક બંધારણીય જોગવાઈઓ 26 જાન્યુઆરી 1950 પહેલાં અમલમાં આવી હતી.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 3 અને 4 (C) માત્ર 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

**Answer – B**

**Reference – Chapter on Constituent Assembly (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

154. આમુખમાં દર્શાવ્યા પ્રમાણે નીચેના પૈકી કઈ જોડી યોગ્ય રીતે જોડાયેલ છે ?

1. ન્યાય – સામાજિક, આર્થિક અને રાજકીય
2. સ્વતંત્રતા – વિચાર, અભિવ્યક્તિ, માન્યતા અને શ્રધ્ધા
3. સમાનતા – દરજ્જા અને તકની
4. બંધુત્વ – એક નાગરિકત્વ દ્વારા

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 1, 3 અને 4 (D) માત્ર 1, 2 અને 3

**Answer – D**

**Reference – Page 34 (પુસ્તક-ભારતનું બંધારણ)**

155. ભારતીય સમાજવાદ વિશે નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ભારતે સમાજવાદના ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે એક ચોક્કસ આર્થિક માળખું અપનાવ્યું છે.

(B) ભારત તેના માટે ચોક્કસ આર્થિક માળખું અપનાવ્યા વિના સમાજવાદના ઉદ્દેશો પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે.

(C) ભારતીય સમાજવાદ સમાજવાદના ધ્યેયો અપનાવ્યા વિના સમાજવાદી દેશોની આર્થિક રચનાને અપનાવે છે.

(D) ઉપરમાંથી કોઈ નહીં

**Answer – A**

**Reference – Class discussions (પુસ્તક-ભારતનું બંધારણ અને ભારતીય અર્થવ્યવસ્થા)**

---

156. ભારતના રાષ્ટ્રપતિની વિવિકાધીન સત્તા અંગે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. જો મંત્રી પરિષદે સલાહ આપી ન હોય તો પણ રાષ્ટ્રપતિ સત્રો બોલાવી શકે છે.
2. રાષ્ટ્રપતિ મંત્રી મંડળને ચેતવણી અને પ્રોત્સાહન આપી શકે છે.
3. રાષ્ટ્રપતિ પાસે સરકારના કામકાજના વ્યવહાર માટેના નિયમો અંગે વિવેકાધીન સત્તાઓ હોય છે.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1 અને 3 (C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 2

**Answer – D**

**Reference – Powers of President of India (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

157. લોકસભાના વિસર્જનને કારણે નીચેના પૈકી કયાં ખરડાં વિલય પામતા નથી ?

1. ખરડો કે જે રાજ્યસભામાં ઉદ્ભવ્યો હતો અને રાજ્યસભા સમક્ષ પડતર છે.
2. ખરડો કે જે લોકસભામાં ઉદ્ભવ્યો હતો અને લોકસભા સમક્ષ પડતર છે.
3. ખરડો લોકસભા દ્વારા પસાર થયો હોય, પરંતુ રાજ્યસભા સમક્ષ પડતર છે.
4. ખરડો રાજ્યસભા દ્વારા પસાર થયો હોય, પરંતુ લોકસભા સમક્ષ પડતર છે.

(A) માત્ર 1 અને 4 (B) માત્ર 1 (C) માત્ર 1, 2 અને 3 (D) માત્ર 2, 3 અને 4

CSP - 1 - D] 48

**Answer – A**

---

158. નીચેના પૈકી કઈ જોડી યોગ્ય રીતે જોડાયેલી નથી ?

1. તારાંકિત પ્રશ્ન – જેનો સભ્ય મૌખિક જવાબ માંગે છે.
2. અતારાંકિત પ્રશ્ન – પૂરક પ્રશ્ન ત્યારબાદ પૂછી શકાય છે.
3. ટૂંકી નોટીસનો પ્રશ્ન – પૂરક પ્રશ્ન ત્યારબાદ પૂછી શકાય છે.
4. તારાંકિત પ્રશ્ન – મૌખિક જવાબો માટે દિવસના ફક્ત 50 પ્રશ્નો સૂચિબધ્ધ કરી શકાય છે.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 2 અને 4
(D) માત્ર 1 અને 3

**Answer – C**

**Reference – Page no. 149 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

159. નિંદા પ્રસ્તાવ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. આ પ્રસ્તાવમાં અવિશ્વાસ પ્રસ્તાવથી વિપરીત લોકસભામાં તેને હાથ ઉપર લેવા માટેનાં કારણો જણાવવા જોઈએ.
2. તે એક વ્યક્તિગત મંત્રી, મંત્રી જૂથ અથવા સમગ્ર મંત્રીમંડળની વિરુધ્ધ લાવી શકાય છે.
3. જો પસાર થાય તો મંત્રીમંડળે પદથી રાજીનામું આપવું પડશે.

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 1 અને 2

**Answer – D**

**Reference – Page no. 153 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

160. સંસદમાં ખરડાના વાંચન બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. પ્રથમ વાંચન – આ તબક્કે ખરડા અંગે કોઈ ચર્ચા થતી નથી.
2. બીજું વાંચન – ગૃહ બંને ગૃહોના સભ્યોની બનેલી સંયુક્ત સમિતિને ખરડો મોકલી શકે છે.
3. ત્રીજું વાંચન – ગૃહ લોકોનો અભિપ્રાય મેળવવા માટે ખરડાને પરિપત્રિત કરી શકે છે.
4. ત્રીજું વાંચન – ખરડો પ્રિસાઈડીંગ ઓફિસરને મોકલવામાં આવશે જે તેને પ્રમાણિત કરે છે.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 1, 3 અને 4
(C) માત્ર 1, 2 અને 4
(D) માત્ર 1, 2 અને 3

**Answer – C**

**Reference – Page no. 146 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

D

171. નીચેના પૈકી કઈ બાબતો ભારતના બંધારણના અનુચ્છેદ 110 મુજબ નાણાકીય વિધેયક હેઠળ નાણાકીય બાબતો બને છે?

1. સંઘ અથવા રાજ્યનું અન્વેષણ અને હિસાબો.
2. ભારતના જાહેર હિસાબનો હવાલો.
3. ભારત સરકાર દ્વારા નાણા કરજે લેવા કે બાંયધરી આપવી.
4. ભારતના આકસ્મિક ફંડમાં હવાલો અથવા ચૂકવણી.

(A) માત્ર 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 1, 3 અને 4 (D) માત્ર 1, 2 અને 4

**Answer – A**

**Reference – Page no. 145 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

172. સંસદીય વિશેષાધિકારો અને રક્ષણ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. બંધારણમાં સંસદના ગૃહની કાર્યવાહીમાં ભાગ લેવા માટે હકદાર વ્યક્તિને વિશેષાધિકારો આપવામાં આવ્યાં છે.
2. સંસદના દરેક ગૃહ સામૂહિક રૂપે વિશેષાધિકારો ભોગવે છે.
3. સભ્યો દ્વારા વિશેષાધિકારો વ્યક્તિગતરૂપે ભોગવવામાં આવે છે.
4. સંસદના સત્ર દરમિયાન દિવાની તેમજ ફોજદારી અને અટકાયત નિવારણના કેસોમાં સભ્યની ધરપકડ કરવામાં આવશે નહીં.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 3 (C) માત્ર 2, 3 અને 4 (D) માત્ર 1, 3 અને 4

**Answer – A**

**Reference – Pages 158, 159 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

173. વાર્ષિક નાણાકીય પત્રક અંગે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. અંદાજપત્ર ત્રણ ભાગો એટલે કે, મહેસૂલ, ખર્ચ અને ખાધ ધરાવે છે.
2. અંદાજપત્ર બે ભાગમાં, વિત્ત વિધેયક અને વિનિયોગ વિધેયકમાં, રજૂ કરવામાં આવે છે.
3. વિત્ત વિધેયકમાં જ્યાંથી આવક એકત્રિત કરવામાં આવશે તે સ્ત્રોતોને લગતી જોગવાઈઓ સામેલ છે.
4. વિનિયોગ વિધેયકમાં એ ક્ષેત્રને લગતી જોગવાઈઓ સામેલ છે જેમાં ખર્ચ કરવામાં આવશે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 3 અને 4 (C) માત્ર 2, 3 અને 4 (D) માત્ર 3 અને 4

**Answer – A**

**Reference – Pages 101 to 106 (પુસ્તક-ભારતીય અર્થવ્યવસ્થા)**

174. ભારતની સર્વોચ્ચ ન્યાયાલયના એડ-હોક ન્યાયાધીશો બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. સર્વોચ્ચ ન્યાયાલયમાં હાઈકોર્ટના ન્યાયાધીશ અને સર્વોચ્ચ ન્યાયાલયના નિવૃત્ત ન્યાયાધીશ બંને એડ-હોક ન્યાયાધીશ તરીકે કાર્ય કરી શકે છે.
2. ભારતના મુખ્ય ન્યાયાધીશ સંસદની પૂર્વ મંજૂરીથી જ નિવૃત્ત ન્યાયાધીશની એડ-હોક ન્યાયાધીશ તરીકે નિમણૂક કરી શકે છે.
3. સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશને દૂર કરવા સામે બંધારણીય સંરક્ષણ તેમને પણ લાગુ પડે છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 2 (D) માત્ર 1 અને 3

**Answer – D**

**Reference – Page no. 209 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

175. રાજ્ય વિધાન પરિષદ અંગે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. વિધાન પરિષદના સભ્યોની સંખ્યા તે રાજ્યની વિધાનસભાના સભ્યોની કુલ સંખ્યાના એક તૃતીયાંશ કરતા વધુ રહેશે નહીં.
2. વિધાન પરિષદના સભ્યોની સંખ્યા ચાલીસથી ઓછી હોવી જોઈશે નહીં.
3. રાજ્યના મુખ્યમંત્રી રાજ્ય વિધાન પરિષદના નેતા તરીકે પણ કાર્ય કરે છે.
4. રાજ્ય વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો દ્વારા રાજ્ય વિધાન પરિષદના એક ષષ્ઠાંશ સભ્યો ચૂંટવામાં આવે છે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 1, 2 અને 3 (D) માત્ર 1, 2 અને 4

**Answer – C**

**Reference – Page no. 180 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

176. ભારતમાં ઉચ્ચ ન્યાયાલયને લગતા નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. સામાન્ય રીતે ઉચ્ચ ન્યાયાલયોમાં ન્યાયાધીશોની ચાર કક્ષા હોય છે.
2. ઉચ્ચ ન્યાયાલયમાં ચાર પ્રકારના ન્યાયાધીશ – કાયમી ન્યાયાધીશ, વધારાના ન્યાયાધીશ, કાર્યકારી ન્યાયાધીશ અને એડહોક ન્યાયાધીશ હોય છે.
3. ગુજરાત ઉચ્ચ ન્યાયાલયની સ્થાપના વર્ષ 1965 માં કેરેલા ઉચ્ચ ન્યાયાલયની સાથે થઈ હતી.
4. હાલમાં ભારતમાં 25 ઉચ્ચ ન્યાયાલયો છે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 1, 2 અને 4 (D) માત્ર 1, 3 અને 4

**Answer – C**

**Reference – Pages 215, 219 (પુસ્તક-ભારતનું બંધારણ)**

177. નીચેના ઉમેદવારો પૈકી કોણ ભારતમાં નિઃશુલ્ક કાનૂની સેવાઓ માટે પાત્ર છે ?

1. મહિલાઓ અને બાળકો
2. કસ્ટડીમાં રહેલા વ્યક્તિઓ
3. વિકલાંગ વ્યક્તિઓ
4. ઔદ્યોગિક કામદારો

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 2, 3 અને 4
(D) માત્ર 1, 2 અને 4

**Answer – A**

**Reference – Class discussions on NALSA**

---

178. ભારતમાં સહકારી મંડળીઓ અંગે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. સહકારી મંડળીઓ રચવાનો અધિકાર ભારતમાં મૂળભૂત અધિકાર છે.
2. 97 મો બંધારણીય સુધારા અધિનિયમ સહકારી મંડળીઓને બંધારણીય દરજ્જો પૂરો પાડે છે.
3. દરેક સહકારી મંડળીઓની વાર્ષિક સામાન્ય સભા નાણાકીય વર્ષના અંત પછી છ મહિનાના સમયગાળામાં બોલવવામાં આવશે.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

**Answer – D**

**Reference – 240, 242 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

179. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. ઝોનલ કાઉન્સિલો વૈધાનિક સંસ્થાઓ હોય છે કારણ કે તે સંસદીય કાયદા હેઠળ બનાવવામાં આવી હતી.
2. રાજ્ય પુનર્ગઠન અધિનિયમ 1956 હેઠળ કુલ છ ઝોનલ કાઉન્સિલોની રચના કરવામાં આવી હતી.
3. ઝોનલ કાઉન્સિલમાં કેન્દ્રીય નાણાપ્રધાન અને ઝોનના તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ હોય છે.
4. પાછળથી એક અલગ ઉત્તર પૂર્વ ઝોનલ કાઉન્સિલની રચના કરવામાં આવી જેનાથી ભારતમાં કુલ છ ઝોનલ કાઉન્સિલો થઈ.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 1, 3 અને 4
(C) માત્ર 1, 2 અને 4
(D) માત્ર 1, 2 અને 3

**Answer – none**

**Reference – Current affairs discussions**

- Five zonal councils were created in the year 1956
- Every zonal council has Union Home Minster as the common chairman.

---

D

180 નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. રાજ્યની વિધાનસભા રાજ્યમાં ઉપયોગમાં કોઈપણ એક અથવા વધુ ભાષાઓને અપનાવી શકે છે.
2. બંધારણની આઠમી અનુસૂચિમાં ઉલ્લેખિત ન હોય તેવી ભાષાની રાજ્ય સત્તાવાર ભાષા તરીકે પસંદગી કરી શકતું નથી.
3. સંસદ જોગવાઈ ન કરે ત્યાં સુધી, ઉચ્ચત્તમ ન્યાયાલય અને દરેક ઉચ્ચ ન્યાયાલયોમાં તમામ કાર્યવાહી ફક્ત અંગ્રેજી ભાષામાં જ રહેશે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 1 અને 3 (D) માત્ર 2 અને 3

**Answer – C**

**Reference – Page no. 251 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

046. નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સાચું / સાચાં છે ?

(A) વિશ્વમાં ભારત સૌથી વધુ થોરિયમ અનામત ધરાવે છે.

(B) થોરિયમ એ મોનાઝાઈટ રેતીમાં બહોળા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) બંનેમાંથી કોઈ નહીં

**Answer – C**

**Reference – Page no. 70 (પુસ્તક-વિજ્ઞાન અને ટેકનોલોજી)**

---

053. નીચેના વિધાનો ધ્યાને લો.

1. ભારતમાં કૃષઈ પાક વર્ષ જુલાઈથી જૂન હોય છે.
2. ખરીફ પાકની ઋતુ જુલાઈથી ઓક્ટોબર છે.
3. રવિ પાકની ઋતુ ઓક્ટોબરથી માર્ચ છે.
4. જુવાર, બાજરી અને મકાઈ મુખ્ય રવિ પાક છે.

(A) માત્ર 1, 2 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

**Answer – C**

**Reference – Page no. 19 (પુસ્તક-ભારતીય અર્થવ્યવસ્થા)**

---

066. સૌ પ્રથમ વખત કર આવકને કેન્દ્રમાંથી રાજ્યોમાં વિચલન (સોંપણી) માટે .......... વર્ષમાં ગાડગીલ ફોર્મ્યુલા (સૂત્ર) અમલમાં મૂકવામાં આવ્યું.

(A) 1960-61 (B) 1969-70 (C) 1975-76 (D) 1982-83

**Answer – B**

**Reference – Page no. 16 (પુસ્તક-ભારતીય અર્થવ્યવસ્થા)**

---

068. RBI ની નાણાંકીય નીતિ બાબતે નીચેના પૈકી કયું સંબંધીત નથી ?

(A) કેશ રીઝર્વ રેશીયો (B) રેપોરેટ

(C) ડાયરેક્ટ ટેક્સ રેટ (પ્રત્યક્ષ કર દર) (D) ઉપરના પૈકી કોઈ નહીં

**Answer – C**

**Reference – Chapter on Banking & Monetary Policy (પુસ્તક-ભારતીય અર્થવ્યવસ્થા)**

---

070. નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) એમ. એન. રોય દ્વારા People's plan ઘડવામાં આવ્યો હતો.

(B) એમ. વિશ્વાશવરાયયા – 'The Planned Economy of India' પુસ્તકના લેખક

(C) (A) અને (B) બંને

(D) (A) અથવા (B) બંનેમાંથી કોઈ નહીં

**Answer – C**

**Reference – Pages 6, 7 (પુસ્તક-ભારતીય અર્થવ્યવસ્થા)**

---

071. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. ગરીબી એ બે ભાગમાં વિભાજીત કરી શકાય - નિરપેક્ષ ગરીબી અને સાપેક્ષ ગરીબી.
2. 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે 52% વસ્તી એ ગરીબી રેખાથી નીચે હતી.
3. ગરીબીને એ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે કે શહેરી ગરીબ કે જે દિવસની 2400 કેલરી મેળવવા માટે અસમર્થ હોય તથા ગ્રામીણ ગરીબ એ દિવસની 2100 કેલરી મેળવવા માટે અસમર્થ હોય.
4. ઝડપથી વધી રહેલી વસ્તી એ ગરીબી વધવાનું મુખ્ય કારણ છે.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 1 અને 4 (D) 1, 2, 3 અને 4

**Answer – C**

**Reference – Pages 130, 131, 132 (પુસ્તક-ભારતીય અર્થવ્યવસ્થા)**

---

080. ભારત સરકારની કુલ મહેસૂલી આવક તથા કુલ ખર્ચ વત્તા બજારનું ઉધાર (Market borrowings) અને જવાબદારીઓ (Liabilities) નો તફાવત .......... કહેવાય.

(A) રાજકોષીય ખાધ (B) મહેસૂલી ખાધ (C) અંદાપત્રિય ખાધ (D) પ્રાથમિક ખાધ

**Answer – Confusing language**

**Reference – Pages 83, 84 (પુસ્તક-ભારતીય અર્થવ્યવસ્થા)**

---

082. કેપીટલ ગેઈન ટેક્સ (મૂડી લાભ કર) વિશે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. મૂડી લાભ એ જ્યારે રોકાણ તેની મૂળ ખરીદ કિંમત કરતાં ઊંચી કિંમતે વેચવામાં આવે છે ત્યારે જે નફો મળે છે, તેને કહેવાય છે.
2. મૂડી લાભ કર એ ત્યારે જ લાગે છે જ્યારે અસ્કયામત વેચાય છે. જ્યારે રોકાણકાર પાસે માલિકીમાં હોય ત્યારે લાદવામાં આવતો નથી.
3. સામાન્ય રીતે, જો અસ્કયામત એ 24 માસથી ઓછા સમયગાળાની માલિકી ધરાવતી હોય, તો તેને વેચવાથી મળતો લાભ એ ટૂંકાગાળાનો મૂડી લાભ તરીકે ગણવામાં આવે છે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

**Answer – C**

**Reference – Page no. 72 (પુસ્તક-ભારતીય અર્થવ્યવસ્થા)**

---

083. Double Taxation Avoidance Agreement (DTAA) બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

1. તેનો મુખ્ય હેતુ એ આ દેશોમાં કરદાતાઓએ એક જ આવક ઉપર બે વખત કર ચૂકવે તે અટકાવવા માટેનો છે.
2. DTAA એ ત્યારે લાગુ પડે છે કે જ્યારે કરદાતા એ એક દેશમાં નિવાસ કરતા હોય અને અન્ય દેશમાં આવક પ્રાપ્ત કરતા હોય.
3. ભારતે 80 થી વધુ દેશો સાથે DTAAs કરેલા છે.

(A) માત્ર 1 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

**Answer – D**

**Reference – Classroom discussions on article 20 of Indian Constitution (Retrospective amendment – Vodafone case)**

---

102. ઉત્તર પૂર્વીય પરિષદ બાબતે નીચેના પૈકી ક્યાં વિધાનો સાચાં છે ?
1. આ પરિષદનું 68 મું Plenary (પૂર્ણ) સત્ર એ પ્રધાનમંત્રીના નેતૃત્વમાં થયું.
2. આ પરિષદ એ ઉત્તર પૂર્વીય પરિષદ અધિનિયમ 1972 દ્વારા સ્થાપવામાં આવી હતી.
3. ઉત્તર પૂર્વીય તમામ રાજ્યોના રાજ્યપાલો અને મુખ્યમંત્રીઓ આ પરિષદના સદસ્યો છે.
4. કેન્દ્રીય ગૃહમંત્રી પરિષદની અધ્યક્ષતા કરશે.
(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2 અને 4 (C) માત્ર 2, 3 અને 4 (D) માત્ર 3 અને 4

**Answer – D**

---

150. સરોગસી (નિયમન) બિલ 2019 બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સત્ય છે ?
1. આ બિલ એ બાળક ન હોય તેવા વિજાતીય વિવાહીત યુગલ દ્વારા સરોગેટ તરીકે 'નજીકના સંબંધી' સાથે કરાર કરવાનું સમાવિષ્ટ કરે છે.
2. ઈચ્છા ધરાવનાર દંપતી પાસે યોગ્ય સત્તાધિકાર દ્વારા જારી કરાયેલ 'Certificate of essentiality' (જરૂરીયાતનું પ્રમાણપત્ર) અને 'Certificate of Eligibility' (યોગ્યતાનું પ્રમાણપત્ર) હોવું જરૂરી છે.
3. દંપતીએ ભારતીય નાગરિક હોવું જોઈએ અને ઓછામાં ઓછા પાંચ વર્ષથી વિવાહિત હોવું જોઈએ અને સ્ત્રીની ઉંમર 23 થી 50 વર્ષ અને પુરુષની ઉંમર 26 થી 55 વર્ષ હોવી જોઈએ.
(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2

**Answer – A**
**Reference – Page no. 64 (પુસ્તક-ભારતનું બંધારણ)**

---

154. કૃત્રિમ વીર્યદાનની પ્રક્રિયામાં નીચેનામાંથી શું સ્ત્રીના ગર્ભાશયમાં સ્થાપિત કરવામાં આવે છે ?
(A) માત્ર ઈંડુ (B) ફલીકરણ કરેલું ઈંડુ (C) માત્ર વીર્ય (D) ઈંડુ અને વીર્ય

**Answer – C**
**Reference – Classroom discussions on surrogacy**

---

174. નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?
1. રીએક્ટર કોરમાં, જ્યારે યુરેનિયમ-235 તીવ્ર ગતિ ધરાવતાં ન્યુટ્રોન સાથે ટકરાય છે, ત્યારે તેનું હળવા તત્ત્વોમાં વિભાજન થાય છે.
2. ચેઈન રીએક્ટરની પ્રક્રિયા પેટ્રોલ કે ડિઝલ જેવા મોડરેટરની ઉપસ્થિતિ પર નિર્ભર હોય છે.
3. સિરામિક યુરેનિયમ ઓક્સાઈડરૂપી બળતણની હજારો નાનકડી ટીકડીઓથી રીએક્ટરની કોર બને છે.
(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3
(C) 1, 2 અને 3 (D) માત્ર 1 અને 2

**Answer – A**
**Reference – Page no. 69 (પુસ્તક-વિજ્ઞાન અને ટેકનોલોજી)**

---

191. .......... એક મોબાઈલ એપ છે જે ભારતને "કેશ ફ્રી" બનાવવા માટે અમલમાં મૂકવામાં આવેલ છે.

(A) ભારત ઈન્ટરનેશનલ ફોર મની

(B) ભારત ઈન્સેન્ટીવ્સ ફોર મની

(C) ભારત ઈન્ટરફેસ ફોર મની

(D) ઉપરના પૈકી કોઈ નહીં

**Answer – C**

**Reference – ppts Dr.Babasaheb Ambedkar (BHIM application)**

---

D

012. કયા અંગ્રેજી વિદ્વાને ભગવદ્ગીતાનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો?

(A) વિલિયમ જેમ્સ

(B) ચાર્લ્સ વિલ્કિન્સ

(C) લોર્ડ મેકોલે

(D) વિલિયમ બેન્ટિક

**Answer – B**

**Reference – during discussions on Orientalists (Chapter – Local self government)**

---

(A) 1, 2 અને 3 માત્ર

053. બ્રહ્મોસમાજ વિશે નીચે આપેલાં વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે?

1. બ્રહ્મોસમાજની શરૂઆત 1828 માં કોલકાતામાં રામમોહન રાય દ્વારા હિન્દુ ધર્મની અંદર સુધારાવાદી ચળવળ તરીકે થઈ હતી.
2. બ્રહ્મોસમાજની સ્થાપના, હિન્દુ સમાજમાં પ્રવર્તમાન સામાજિક-ધાર્મિક દુષણો દૂર કરી, 'સતી' અને જાતિ પ્રથા જેવી પદ્ધતિઓને નાબૂદ કરી હિન્દુ સમાજમાં સુધારણા લાવવા માટે કરવામાં આવી હતી.
3. દેવેન્દ્રનાથ ટાગોર અને કેશબચંદ્ર સેને પાછળથી બ્રહ્મોસમાજની બે આવૃત્તિ બનાવી.

(A) 1 અને 2 માત્ર

(B) 1 અને 3 માત્ર

(C) 2 અને 3 માત્ર

(D) 1, 2 અને 3

**Answer – A**

**Reference – History material**

---

073. નીચેની જોડીઓ મેળવો.

| | |
|---|---|
| 1. વી.ડી. સાવરકર | a. ચિત્તાગોંગ આર્મરી રેઈડ |
| 2. સૂર્ય સેન | b. મિત્ર મેલા |
| 3. શ્યામજી કૃષ્ણ વર્મા | c. કર્ઝન વિલી |
| 4. મદનલાલ ધિંગરા | d. ઈન્ડીયન સોશ્યોલોજીસ્ટ |

(A) 1 - b, 2 - a, 3 - d, 4 - c

(B) 1 - a, 2 - b, 3 - c, 4 - d

(C) 1 - c, 2 - d, 3 - b, 4 - a

(D) 1 - d, 2 - c, 3 - a, 4 - b

**Answer – A**

**Reference – History material**

(D) રાવદાસ

078. રાજા રામમોહન રોયના ધાર્મિક વિચારો વિશે નીચેનામાંથી કયું(યાં) વિધાન(નો) સાચું / સાચાં છે?

1. તે એકેશ્વરવાદ, એક ભગવાનની કલ્પનામાં માનતા હતા.
2. તે વેદોને શાશ્વત અને અમોઘ માનતા હતા.
3. તેમણે તમામ ધાર્મિક બાબતોમાં માનવીય કારણ અને સમજદારી પર ભાર મૂક્યો.
4. તેમણે મૂર્તિપૂજાનો વિરોધ કર્યો.

(A) 1, 3 અને 4 માત્ર (B) 1, 2 અને 3 માત્ર (C) 2 અને 3 માત્ર (D) 1, 2, 3 અને 4

**Answer – D**

**Reference – History material**

106. રાષ્ટ્રીય વસ્તી રજિસ્ટર અંગે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. તે નાગરિકત્વ અધિનિયમ, 1955 હેઠળ તૈયાર કરવામાં આવેલ છે.
2. એનપીઆર ગૃહ મંત્રાલય હેઠળ આવે છે.
3. તેમાં ચોક્કસ વસ્તી વિષયક વિગતો સામેલ છે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

**Answer – D**

**Reference – Current affairs notes**

***Our Grand Test Paper-2 Question no. 94***

108. ત્રાસ વિરુધ્ધ સંયુક્ત રાષ્ટ્ર સંમેલન (U.N. (United Nations) Convention against Torture (CAT)) અંગે નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) તે એક આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સાધન છે જેનો હેતુ વિશ્વભરના માનવીય અધોગતિના વ્યવહારને અટકાવવાનો છે.

(B) ભારતે તાજેતરમાં આ સંમેલનને બહાલી આપી છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

**Answer – A**

**Reference – Current affairs discussions**

132. નીતિ આયોગ દ્વારા જાહેર કરાયેલા બીજા આરોગ્ય સૂચકાંક (2017-18) અનુસાર નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. એકંદરે આરોગ્ય કામગીરીના મામલે ઉત્તરપ્રદેશનો ક્રમ સૌથી નીચો છે.
2. કેરાલાએ સતત બીજી વખત એકંદરે આરોગ્ય સૂચકાંકમાં પ્રથમ ક્રમનું સ્થાન મેળવ્યું છે.
3. સૂચકાંકમાં ગુજરાત ચોથા ક્રમે રહ્યું છે.
4. પંજાબ અને હિમાચલ પ્રદેશ સાતમા અને આઠમા સ્થાને છે.

(A) માત્ર 1 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) 1, 2, 3 અને 4 (D) માત્ર 1, 2 અને 3

**Answer – D**

**Reference – Current affairs notes**

---

036. વિશ્વનો સૌથી લાંબો બહુ સ્તરીય, બહુ હેતુક (પંપ) સિંચાઈ (lift irrigation) પ્રોજેક્ટ 'કાલેશ્વરમ' .......... નદીઓના સંગમ બિંદુએથી શરૂ થાય છે.

(A) ગોદાવરી અને પ્રણાહિતા (B) ગોદાવરી અને વર્ધા
(C) ગોદાવરી અને પેનગંગા (D) ગોદાવરી અને વૈનગંગા

**Answer – A**

**Reference – Current affairs notes**

---

079. ભારતમાં UNESCO ના હેરીટેજ સ્થળો અંગે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

1. વર્ષ 2019 માં જૂનું દિલ્હી ભારતનું બીજું હેરીટેજ શહેર બન્યું છે જેના પછી જયપુર આવે છે.
2. વર્ષ 2018 માં અમદાવાદ ભારતનું પ્રથમ હેરીટેજ શહેર બન્યું.
3. જયપુરનો સમાવેશ કર્યા પછી ભારતના હેરીટેજ સ્થળો કે જે UNESCO ની વર્લ્ડ હેરીટેજ યાદીમાં સમાવિષ્ટ હોય તેમની સંખ્યા વધીને 38 ની થઈ.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 3 (C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 3

**Answer – B**

**Reference – Current affairs notes**

---

085. PM શ્રમ-યોગી માનધન યોજના બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

1. કામદારો કે જેમની માસિક આવક રૂ. 15,000 કે તેથી ઓછી હોય તે આ યોજના અંતર્ગત લાભાર્થી બનવા માટે યોગ્યતા ધરાવે છે.
2. સંગઠીત અને અસંગઠીત ક્ષેત્રના કામદારોને સમાવિષ્ટ કરે છે.
3. તે શ્રમ અને રોજગાર મંત્રાલયનો ઉપક્રમ છે.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3 (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

**Answer – B**

**Reference – Current affairs notes**

---

090. નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાન સાચું / સાચાં છે ?

1. રોકાણકારો પાસેથી બિન સૂચિબધ્ધ કંપનીઓ દ્વારા ઉભી કરવામાં આવેલી મૂડી પર ચૂકવવા પાત્ર આવકવેરો એ Angel tax છે.
2. તે ભંડોળના Laundering ને અટકાવવા માટે 2012 ના બજેટમાં દાખલ કરવામાં આવ્યો હતો.
3. જો કે હાલના 2019 ના બજેટમાં રદ કરવામાં આવ્યો હતો.
4. જો સ્ટાર્ટ અપ એન્ટીટીની ભરપાઈ થયેલી મૂડીએ રૂા. 25 કરોડ કે તેથી ઓછી હોય તો angel tax લાગુ પડતો નથી.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3 (C) માત્ર 1, 2 અને 4 (D) માત્ર 3

**Answer – A**

**Reference – Current affairs notes**

---

101. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. શેરપા એ રાજ્યના વડા કે સરકારનો વ્યક્તિગત પ્રતિનિધિ છે કે જે આંતરરાષ્ટ્રીય સમિટની તૈયારી કરી છે.
2. G20 સમિટ માટે સુરેશ પ્રભુ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના શેરપા તરીકે નિયુક્ત થયા છે.
3. સમિટ દ્વારા આયોજન, મંત્રણા અને અમલીકરણના કાર્યમાં શેરપા સંકળાયેલા હોય છે.
4. શેરપા એ માત્ર કેબીનેટમાંથી જ પસંદ કરવામાં આવશે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 3 (C) માત્ર 2, 3 અને 4 (D) માત્ર 1, 2 અને 4

**Answer – B**

**Reference – Current affairs notes**

---

128. આંતર રાજ્ય નદી જળ વિવાદ ટ્રિબ્યૂનલ બિલ 2019 વિશે નીચેના પૈકી કયું વિધાન અસત્ય છે ?

(A) તે બિલ એ કોઈપણ આંતર-રાજ્ય જળ વિવાદના નિવારણ માટે કેન્દ્ર સરકારને વિવાદ નિરાકરણ સમિતિ (Disputes Resolution Committee) રચવાની દરખાસ્ત કરે છે.

(B) તે અલાયદું (single), કાયમી આંતર-રાજ્ય નદી જળ વિવાદ ટ્રિબ્યૂનલ રચવાની પણ દરખાસ્ત કરે છે કે જે આંતર રાજ્ય નદી જળ વિવાદનો ન્યાયિક નિવેડો લાવે.

(C) આ ટ્રિબ્યૂનલને અન્ય ટ્રિબ્યૂનલ બેંચ હોઈ શકે નહીં.

(D) તે અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને છ થી વધુ નહીં એટલાં નામાંકિત સભ્યોનું બનેલું હશે.

**Answer – C**

**Reference – Current affairs notes**

---

159. "વિશ્વમાં જીવંત ભાષાઓ" (Living Languages in the World) વિશે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. પેસિફીકના દ્વિપ દેશ પાપુઆ ન્યુ ગિની (Papua New Guniea) 840 જીવંત ભાષાઓ સાથે વિશ્વમાં આ યાદીમાં ટોચ પર છે.
2. 453 ભાષાઓ સાથે ભારત આ યાદીમાં ચોથા ક્રમનું સ્થાન ધરાવે છે.
3. વિશ્વમાં કુલ 5,000 થી ઓછી જીવંત ભાષાઓ છે.
4. ભારતમાં 42 ભાષાઓ ગંભીર રીતે લુપ્તપ્રાય ભાષાઓ છે.

(A) માત્ર 1, 2 અને 4 (B) માત્ર 1, 3 અને 4 (C) માત્ર 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

**Answer – A**

**Reference – Current affairs notes**

---

163. ભારત સ્ટેજ ઉત્સર્ગ પ્રમાણો (ભારત સ્ટેજ એમીશન સ્ટાન્ડર્ડ) .......... ને લાગુ પડે છે.

1. પરિવહન માટેના વાહનો
2. લઘુ ઉદ્યોગો
3. પાવર પ્લાન્ટ્સ

(A) માત્ર 1 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

**Answer – A**

**Reference – Current affairs notes**

---

(C) સમાન

196. તાજેતરમાં સમાચારમાં આવેલ "મંકી ફીવર" (Monkey fever) અથવા "ક્યાસનુર" (Kyasanur) નામનો રોગ નીચેનામાંથી શાના કારણે થાય છે ?

(A) બેક્ટેરીયા (B) વાઈરસ

(C) ફગ (D) ઉપરનામાંથી એકપણ નહીં

**Answer – B**

**Reference – Current affairs notes**

**અહીં માત્ર ભારતીય રાજ્યવ્યવસ્થા, ભારતીય અર્થતંત્ર, વિજ્ઞાન અને ટેકનોલોજી, કરન્ટ અફેર્સ અને ઈતિહાસના અમુક જ પ્રશ્નોનું સોલ્યુશન આપેલ છે.**

**નાયબ મામલતદાર/નાયબ સેક્શન અધિકારીની પ્રાથમિક કસોટી અંગેના બ્લોગમાં જણાવ્યું હતું તે જ મુજબ GPSC વર્ગ 1/2ની પરીક્ષાનું સ્તર ધારણા મુજબ જ ઘણું ઊંચુ રહ્યું. આ સ્તર સાથે જ એ સ્પષ્ટ થાય કે UPSC અને GPSCની પરીક્ષાઓ વચ્ચે ભેદ કરવો એ મિથ્યા-પ્રયત્ન માત્ર છે. દરેક વિષયની ઊંડાણપૂર્વકની સમજ એ પરીક્ષા માટેની તાતી જરૂરીયાત છે.**

**ગુજરાતમાં છેલ્લા અમુક મહિનામાં તૈયારીઓના માહોલને જોતા એ ખાસ નોંધ લેવી રહી કે હજુ સ્પર્ધક મિત્રો એટલી ગંભીરતા દાખવી રહ્યા નથી. વર્ગ 1/2 માટેની તૈયારીઓ હજુ વર્ગ 3ની તૈયારીઓના વાતાવરણમાંથી બહાર આવી નથી. અને આ માટે જેટલા સ્પર્ધકો જવાબદાર છે તેથી વધુ જવાબદાર છે કોચિંગ ક્લાસીસના સંચાલકો, વ્યાખ્યાતાઓ અને**

YouTube તેમજ રાફડાની જેમ ફાટી નીકળેલ mobile applicationsમાં વીડિઓ  લેક્ચર્સ. ખેદપૂર્વક કહેવું રહ્યું કે એક પણ YouTube channel કે mobile application એવી નથી(એક પણ નહિ) કે જે વર્ગ 1/2ની સામાન્ય તૈયારીઓ માટે પણ વિદ્યાર્થીઓને સજ્જ કરી શકે. બોર્ડ ઉપર લખીને વીડિઓ લેક્ચરમાં એ જ બોલી જનાર વ્યક્તિઓ અત્યારે લેકચરર તરીકે પ્રસિદ્ધ થઇ રહ્યા છે, શિક્ષણ જગત માટે આનાથી વધુ ખરાબ શું હોઈ શકે. વિદ્યાર્થીઓએ જલ્દીથી બોધપાઠ લેવાની જરૂર છે. દરેક વિષય તનતોડ મહેનત માંગે છે. એમાં પણ જ્યારે vacancies આટલી ઓછી હોય ત્યારે કોઈના ભરોસે રહેવાનું જોખમ ન લેવાય. સ્વતૈયારી પર વિશ્વાસ રાખો અને આ માટે સૌથી પહેલા ગુજરાતીમાં વીડિઓ લેક્ચર્સ અને mobile applicationsથી દૂર રહો. અંગ્રેજી અખબારો અને internetનો મહત્તમ ઉપયોગ કરો. યોગ્ય વ્યક્તિઓ સાથે સમૂહ ચર્ચાઓ(Group discussions)ની ટેવ પાડો. પ્રિલિમ્સ અને મેઈન્સની તૈયારીઓને અલગ ન રાખી સંયુક્ત રીતે જ તૈયારી કરો. કોઈની કહેલી વાત મુજબ ચાલવા કરતા તેની ખરાઈ કર્યા બાદ તેનો સ્વીકાર કરો. અધિકારી તરીકેની પહેલી શિસ્ત એ સ્વનિર્ભરતા છે. તૈયારીઓમાં સ્વનિર્ભરતા લાવો.

આવનાર સમયમાં કંઇક નવા પ્રયોગ સાથે મળીએ.

VIKALP